GJVD020344922018

**ગુ.મુ.નં. ૨૭૩૭૧/૨૦૧૮.**

**આંક–૧ લગત હુકમ.**

આ કામે આરોપી સામે તપાસ કરનાર અમલદારે પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે. આરોપીને પ્રોહી.એકટની કલમ–૮૫ મુજબના ગુન્હામાંથી બીન તહોમત છોડી મુકવાનો અને પ્રોહી.એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં કેસ કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

મજકુર કામે આરોપી હાજર થઈ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતાં હોવાની હકીકત જણાવેલ છે અને જણાવેલ છે કે, કુટુંબ ની જવાબદારી તેમના શીરે છે, કાયદા પ્રત્યે માન છે, અજાણતાં મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવવા પ્રકારના કોઈ ગુનાહિત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનું નીવેદન લેતાં તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે, કોઈએ તેને લાલચ કે પ્રલોભન આપેલ નથી, ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે, છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતા હોઈ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત, તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતને નિગાહે લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કીસ્સો જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિરુધ્ધ સ્ટેટનો ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૫. પાના નં. ૭૦૯ ઉપર પ્રકાશીત થયેલ છે તે ધ્યાને લેતાં, આરોપીને આવા કીસ્સામાં ન્યનત્તમ સજા કરતાં પણ ઓછી સજા કરી શકાય તેમ હોઈ આરોપીને કબુલાતને ધ્યાને લેતાં આરોપીને તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

–:: હુકમ ::–

આરોપીને મજકુર ગુના સબબ ક્રિ. પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાર ઠરાવી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં રુા.૧૦૦/– (અંકે રુપિયા એકસો પુરા) ના દંડની સજા ફરમાવવામાં આવે છે, અને જો આરોપી દંડની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો દિવસ–૧ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવું છું.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ –૦૯–૦૯–૨૦૨૩.
સ્થળ : વડોદરા.

**(એફ. એન. સોલંકી.)**
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ,
ચોથી કોર્ટ, વડોદરા.
જજ કોડ નં.જી.જે.–૦૧૫૫૨.